# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા.૯-૩-૨૦૧૦**

- **ગુજરાતમાં રુા.૧ કરોડથી વધારે ટેક્ષ બાકી હોય તેવા ૬૮૬ વેપારીઓ.**
- **ગરીબ અને મધ્યમ વર્ગ પર ગુજરાત સરકારે ટેક્ષનું ભારણ નાખ્યું અને કરોડપતિઓને લીલા લહેર.**
- **મધ્યમ વર્ગ જે વાહન ખરીદે છે તેના પર ગુજરાત સરકારનો ટેક્ષ એ મોટો અન્યાય.**
- **તમાકુ પરનો ટેક્ષ રાજયમાં ટેક્ષ ચોરીને પ્રોત્સાહન અપાશે અને નિષ્ઠાવાન વેપારીઓને નુકશાન કરાવશે.**
- **દલિત ભાઈઓ માટે ૭ ટકા બજેટ ફાળવવાની સ્પષ્ટ ગાઈડ લાઈન હોવા છતાં ગુજરાતમાં દલિતો માટે માત્ર ૪.૫ ટકા નાણાં ફાળવતી દલિતો વિરુધ્ધની ભાજપ સરકાર.**
- **ખેડૂતોને મળતી ૪૦૦૦ મીલીયન યુનિટ વિજળી ભાજપ સરકારે કાપી નાખી.**
- **કેન્દ્રમાં એન.ડી.એ.ની ભાજપની સરકાર વખતે ગુજરાતને ૧૩૫૩૪ મીલીયન યુનિય વિજળી મળતી હતી અને હવે કોગ્રેસની યુ.પી.એ.ના શાસનમાં ૨૦૩૭૮ મીલીયન યુનિટ વિજળી ગુજરાતને મળે છે.**
- **કેન્દ્ર અન્યાય કરે છે તેમ કહેવું એ માત્ર જુઠ્ઠાણું છે. જો ખરેખર અન્યાય થતો હોય તો ગુજરાત સરકાર કેમ સુપ્રિમ કોર્ટ પાસે નથી જતી.**
- **કેન્દ્રમાં એન.ડી.એ.ની ભાજપની સરકાર હતી ત્યારે ગુજરાતને અનુદાન અને કેન્દ્રનો ફાળો માત્ર રુા.૨૫૦૦ કરોડ મળતો હતો. જે આજે ગુજરાતને રુા.૬૪૩૧ કરોડ રુપિયા મળે છે.**
- **ભાજપના શાસનમાં ગુજરાતને કરવેરાનો હિસ્સો માત્ર રુા. ૪૦૦૦ કરોડ મળતો હતો આજે રુા.૬૬૦૦ કરોડ મળે છે.**

ગુજરાત વિધાનસભામાં બજેટ પરની ચર્ચામાં ભાગ લેતાં વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગુજરાતના પચાસ વર્ષ પૂર્ણ થઇ રહ્યાં છે અને આ સ્વર્ણિમ ગુજરાત વર્ષમાં જનતા માટેની કોઈ સ્વર્ણિમ રાહતો બજેટમાં આવશે તેવી અપેક્ષા હતી તેનાથી વિપરીત મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગને કરના બોજનો માર મારતું એકપણ પૈસાની રાહતો વગરનું બજેટ ગુજરાત સરકાર લાવી છે. દેશમાં કોઈપણ જગ્યાએ વેલ્યુએડેડ ટેક્ષ(વેટ) ન હોય તેટલો ભારે ટેક્ષ ગુજરાત રાજ્યમાં છે અને તેના ઉપર ૨૫ ટકા સરચાર્જ ફટકારવામાં આવ્યો છે તેને પણ આ બજેટમાં દૂર કરવામાં આવ્યો નથી. રાજયના મોટા વેપારીઓને આ સરકાર માલામાલ કરે છે અને ચોરીને ભરપૂર છૂટ આપે છે. જયારે ગરીબ માણસોને પઠાણી ઉઘરાણીથી પરેશાન કરાય છે. ગુજરાતની અંદર એક કરોડથી વધારે ટેક્ષ લેવાનો બાકી હોય તેવા ૬૮૬ વેપારીઓ પાસેથી કરોડો રુપિયાનો ટેક્ષ બાકી છે. તેના માટે કોઈ પગલાં લેવાતાં નથી. જો આ ટેક્ષ વસુલ કર્યો હોત તો ગુજરાતની જનતા પર રુા.૭૩૦ કરોડનો કરબોજ ન નાંખવો પડ્યો હોત. સેકન્ડ હેન્ડ વાહનો મધ્યમ વર્ગના વ્યકિતઓ ખરીદતા હોય છે. ગુજરાત સરકારે સેકન્ડ હેન્ડ વાહનો ઉપર ટેક્ષ નાંખીને મધ્યમ વર્ગના લોકોને મોંઘવારીના સમયમાં કરબોજ નીચે દબાવવાનો પ્રયત્ન કર્યો છે. કરોડપતિઓ ઉપર ગુજરાત સરકાર ટેક્ષ નાંખતી નથી અને મધ્યમ અને ગરીબ વર્ગને ભાજપ સરકાર છોડતી નથી.

દેશમાં તમાકુનું ઉત્પાદન કરવામાં ગુજરાત રાજય અગ્રેસર  રાજય છે.જયારે તમાકુનુ સેવન કરનારા રાજયોમાં ગુજરાતનો ક્રમ છેક છેવાડે છે. તમાકુ પર ટેક્ષ વધારીને ૨૦ ટકા કરવામાં આવ્યો છે. તેનાથી રાજયની આવક પર વિપરીત અસર થશે. બહારના રાજયોમાંથી દાણચોરી કરી તમાકુ ગુજરાતમાં વેચાશે અને નિષ્ઠાવાન અને પ્રામાણિકતાથી વેપાર કરતાં ગુજરાતના વેપારીઓને નુકશાન થશે. ગુજરાતની આવકમાં વધારો નહીં થાય પરંતુ ચોરી ચપાટી વધશે. પાડોશી રાજયોએ ટેક્ષ વધારીને આજ અનુભવ કર્યા પછી તમાકુ પરનો ટેક્ષ ઘટાડેલો છે. તમાકુનું સેવન ઓછું કરવા માટે ટેક્ષનો વધારો કરવો જરુરી નથી પરંતુ સામાજીક જાગૃતિ જરુરી છે.

થોડાં સમયમાં જીએસટી આવવાનો છે ત્યારે આંતર રાજ્ય વેચાણ પર ૨ ટકા ટેક્ષનું ભારણ રાજય બહાર વેપાર કરતાં વેપારીઓને ખૂબજ નુકશાનકર્તા સાબિત થશે.

રાજયના વિકાસમાં કેમિકલ્સ એ અત્યંત મહત્વનું પરિબળ છે અને તેથીજ આ કેમિકલ્સને કલાસીફાઇડ એન્ટ્રીમાં રાખીને માત્ર ૪ ટકા ટેક્ષ નાખવામાં આવેલો. હવે ગુજરાત સરકારે કલાસીફાઇડ એન્ટ્રી રદ કરી તેથી કેમિકલ્સ ઉપર ૧૫ ટકા ટેક્ષ લેવાય છે અને ચોકકસ આઇટમને નોટીફિકેશન બહાર પાડીને રાહતો આપવામાં મોટા વહીવટ થઇ રહ્યાં છે. સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાનની સ્પષ્ટ ગાઇડ લાઇન છે કે, ગુજરાતમાં  દલિતોની વસ્તી ૭ ટકાની છે માટે ટોટલ પ્લાનના ૭ ટકા દલિત વર્ગો માટે વપરાવા જોઇએ. બજેટમાં સન-૨૦૦૮-૦૯માં રુ.૨૧૦૦૦ કરોડનો પ્લાન હતો અને તેથી રુ.૧૪૦૦ કરોડ રુપિયા દલિત સમાજ માટે વપરાવા જોઇએ તેના બદલે માત્ર રુ.૯૬૦ કરોડ રુપિયા વપરાયાં છે. જે બતાવે છે કે ભાજપ સરકાર દલિતો વિરુધ્ધ છે.

સામાજીક સેવાઓ માટે સન-૨૦૦૮-૦૯માં રુ.૬૪૨૨૦ લાખ ખર્ચ કર્યા વગરના પડી રહેલાં છે. જે બતાવે છે કે સામાજીક સેવાઓ માટે ભાજપ સરકારને કોઇ રસ નથી. હાલની કેન્દ્ર સરકાર ભાજપની એન.ડી.એ.ની સરકાર કરતાં કરોડો રુપિયાની વધારે સહાય આપે છે. આમ છતાં  ગુજરાત સરકાર રાજકીય આક્ષેપો કરે છે. તેની સામે બજેટમાંથી  સ્પષ્ટ આંકડાઓ જોતાં ગુજરાતને કેન્દ્રમાંથી કરવેરાના હિસ્સા પેટે ભૂતકાળમાં રુ.૪૦૦૦ કરોડ જ મળતાં હતાં તે હવે રુ.૬૬૦૦ કરોડ મળે છે. કેન્દ્રમાં ભાજપની સરકાર હતી ત્યારે ગુજરાતને અનુદાન અને કેન્દ્રના ફાળા પેટે  માત્ર રુ.૨૫૦૦ કરોડ રુપિયા મળતાં હતાં તે આજે રુ.૬૪૩૧ કરોડ પ્રાપ્ત થાય છે.

ભાજપ સરકાર સત્તા પર આવી ત્યારે ખેડૂતોને ૧૫૬૯૫ મીલીયન યુનિટ વિજળી મળતી હતી જે હવે માત્ર ૧૧૭૩૩ મીલીયન યુનિટ વિજળી મળે છે. કેન્દ્રમાંથી ભાજપના શાસનમાં ગુજરાતને ૧૩૫૩૪ મીલીયન યુનિટ વિજળી મળતી હતી જે આજે ૨૦૩૭૮ મીલીયન યુનિટ વિજળી પ્રાપ્ત થાય છે. જે બતાવે છે કે ,યુ.પી.એ.ની કોંગ્રેસની આગેવાનીવાળી કેન્દ્ર સરકાર ગુજરાતને મહત્તમ મદદ કરે છે. આપણી બંધારણીય જોગવાઇઓ મુજબ જો કેન્દ્ર સરકાર તરફથી કોઇપણ રાજયને અન્યાય થાય તો નામદાર સુપ્રિમ કોર્ટ દખલ કરીને ન્યાય આપી શકે છે. માત્ર ભાષણો કરતાં ભાજપના નેતાઓ તદ્દન જુઠ્ઠાણાંભર્યો પ્રચાર કરે છે. જો ખરેખર ગુજરાત રાજયને અન્યાય થતો હોય તો શા માટે નામદાર સુપ્રિમ કોર્ટ પાસે જતાં નથી? આના પરથી સ્પષ્ટ થાય છે કે, કેન્દ્રમાં યુ.પી.એ.ની કોંગ્રેસની આગેવાનીવાળી સરકાર આવ્યા પછી ગુજરાત રાજયને અન્યાય નહીં પરંતુ વધારે નાણાં અને વ્યવસ્થા આપવામાં આવે છે.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ